GJBK170001732023

**મે.મજુર અદાલત પાલનપુરના જયુ.મેજી.ફ.ક. તથા ન્યાયાધીશ (જે.ડી.)**

**શ્રી સુનિલ કુમાર શર્મા સાહેબ સમક્ષ, મુ.પાલનપુર.(બ.કાં.).**

**ફોજદારી કેસ નં.૧૧૪/૨૦૨૩.**

**ફરીયાદી** : નામદાર સરકારશ્રી તરફેશ્રી,
શ્રી એ.એસ.સંઘવી,
ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ
બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન.
નાયબ નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,
મહેસાણા.

**–:: વિરૂધ્ધ ::–**

**તહોમતદાર** : (૧) નવિનકુમાર પુરષોતમદાસ પટેલ,
૧૩,૧૪,દ્ધારકાપુરી સોસાયટી
રાધનપુર રોડ મહેસાણા.

(૨) રાકેશ કન્સ્ટ્રકશન કં,
એસ–૨૦૧,આરૂષ સિગ્નોરા,
રાધનપુર રોડ મહેસાણા.

**ગુન્હો** : ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ–૧૯૯૬ હેઠળ ગુજરાતના નિયમો–૨૦૦૩ના નિયમ–૫૫(૧) ના ભંગ બાબતેની ફરીયાદ...

**–:: ચુ કા દો ::–**

**(૧)** હાલની ફરીયાદ સરકાર તરફે ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન,મહેસાણાનાઓ દવારા દાખલ થતાં ફોજદારી કાર્યરીતી

અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરીયાદીએ રજુ કરતાં ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપી વિરૂધ્ધ સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો આરોપીએ ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ–૧૯૯૬ હેઠળ ગુજરાતના નિયમો–૨૦૦૩ના નિયમ–૫૫(૧) ના ભંગ કરેલ હોઈ હાલની ફરિયાદ દાખલ કરેલ છે.

(૩) સદર કામના આરોપી વિરૂધ્ધ સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જે આરોપીને બજી ગયેલ છે. આજ રોજ આરોપી વતી ઓથોરાઈઝ પર્સન ભરતભાઈ જયંતિલાલ પટેલ અત્રેની કોર્ટમાં સ્પેશીયલ સીટીંગ સમક્ષ હાજર થયેલ.જેથી તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કરેલ છે.ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ ગુનાની વિગતો જણાવી ગુનો કબુલ છે કે કેમ તેવુ પુછવામાં આવેલ.જેથી આરોપી વતી ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને અલગથી આંક–૫ થી ગુનાની કબુલાત અંગે પુરશીસ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે રજુ કરેલ છે. આરોપી વતી ગુનાની કબુલાત પુરશીસ રજુ કરતાં તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરવા તરીકે ઉપયોગમાં લેવાશે. આમ છતાં આરોપી વતી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની આંક–૪ થી પ્લી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપી વતી ઓથોરાઈઝડ પર્સને હાલની ફરીયાદ અન્વયેનો ગુનો કોઈપણ જાતનું દબાણ અને લાલચ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરશીસ રજુ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીનો ગુનો કરવાનો કોઈ ઈરાદો ન હતો, અજાણતા અને અજ્ઞાનતાના કારણે ગુનો બનવા પામેલ છે. આ પ્રથમ ગુનો છે તેમજ બનાવ બન્યા બાદ પણ આવો કોઈ બનાવ

આરોપીની સંસ્થામાં બનવા પામેલ નથી. આ ગુના બદલ તેઓએ અફસોસ વ્યકત કરી પસ્તાવો જાહેર કરીએ છીએ અને ભવિષ્યમાં આવો ગુનો ન બને તેનો પુરેપુરો ભરોસો અને ખાતરી આપીએ છીએ. અમો આરોપી પોતે કુંટુંબ પરીવાર ધરાવતા વ્યકિત છીએ અને કુટુંબમાં માત્ર અમો કમાનાર વ્યકિત હોઈ અમારા કુંટુંબની જવાબદારી તેમના શીરે છે. તેઓને કેદની સજા કરવામાં આવે તો અમારા ઘણા રોજગાર બંધ થઈ પડે જેથી તેમના પરિવારને તેમજ સંસ્થાના કામદારને તેનો ભોગ બનવું પડે તેવી પરિસ્થિતીનું નિર્માણ થાય તેમ છે માટે અમો આરોપીને માત્ર દંડની જ અને તે પણ કાયદાની જોગવાઈથી ઓછામાં ઓછા દંડની સજા કરવા અરજ કરેલ છે.

(૫) આ તબકકે નામદાર મદ્રાસ હાઈકોર્ટ દવારા આપવામાં આવેલ એન.રામૈયા વિરૂધ્ધ સ્ટેટનો ચુકાદો વંચાણે લેવો જરૂરી જણાય છે. જે ચુકાદામાં નામદાર મદ્રાસ હાઈકોર્ટ દવારા આરોપીઓ વતી ઓથોરીટી આધારે જે વ્યકિતને ઓથોરીટી આપેલ હોય તેઓ ગુનાની કબુલાત કરી શકે તેવું ઠરાવેલ છે. તે સંજોગોમાં આરોપીઓની ઓથોરીટી આધારે જે વ્યકિત અત્રેની કોર્ટમાં સ્પેશીયલ સીટીંગ માં સમક્ષ હાજર રહીને ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુનો કબુલ કરી શકે તેમ છે. વધુમાં આરોપીઓ સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ –૧૯૯૬ હેઠળ ગુજરાતના નિયમો–૨૦૦૩ના નિયમ–૫૫(૧) ના ભંગ કરી શિક્ષા પાત્ર ગુનો કરેલ છે. તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તેઓને દોષિત ઠરાવવામાં આવે છે,પરંતું આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ઘ્યાને લેતાં તથા ગુનો કબુલ કરનારની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ, ગુનાનો પ્ર કાર વિગેરે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. પાન નં.૭૭૯ આપવામાં આવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા

ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ–૧૯૯૬ હેઠળ ગુજરાતના નિયમો–૨૦૦૩ના નિયમ–૫૫(૧) મુજબના ગુના સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ રૂા.૧,૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત શ્રી ભરતભાઈ જયંતિલાલ પટેલનાઓને ઉપરોકત આરોપીની દંડની રકમ કુલ રૂા૧,૦૦૦/–(અંકેરૂપિયા એક હજાર પુરા) દંડ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત શ્રી ભરતભાઈ જયંતિલાલ પટેલ દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯મી, માહે સપ્ટેમ્બર, સને–૨૦૨૩ ના રોજ અત્રેની કોર્ટમાં સ્પેશીયલ સીટીંગ વાંચી સભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ : પાલનપુર.

(સુનીલ કુમાર શર્મા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ન્યાયાધીશ (જે.ડી.), લેબર કોર્ટ,પાલનપુર.
(કોડ નં.જીજે૦૧૩૪૯)